# પેથાપુરમાં રાત્રે ખુલ્લેઆમ બાજી માંડીને બેઠેલા છ પકડાયા

## ૧૦ હજારના મુદ્દામાલ સાથે જુગારીઓની ધરપકડ : પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ : કોર્ડન કરીને તમાને પકડી લીધા

ગાંધીનગર, તા.૧૪

ગાંધીનગર પાસે આવેલા પેથાપુર વિસ્તારમાં સ્વામિનારાયણ મંદિર વાડા તરીકે ઓળખાતી જગ્યાએ રાત્રે જુગાર રમાતો હોવાની બાતમી મળતા પેથાપુર સિનિ. પી.એસ.આઈ. તેમની ટીમ સાથે તાબડતોબ પહોંચી ગયા હતા અને દરોડો પાડીને બાજી માંડીને બેઠેલા છ શકુનીઓને રૂ. ૧૦,૨૭૦ના મુદ્દામાલ સાથે ઝડપી પાડીને તમામ વિરુધ્ધ જુગાર પ્રતિબંધક ધારા હેઠળ ગુનો દાખલ કરી કાયદેસરની કાર્યવાહી હાથ ધરી છે.

પેથાપુર સિનિયર પી.એસ.આઈ. એસ.જે. વાઘેલાએ પોસ્ટીંગ લીધાના દિવસથી જ બાતમીદારો સક્રીય કરી દારુ-જુગાર પર સપાટો બોલાવવાનું શરુ કરી દીધું છે. ગઈ રાત્રે દશ વાગ્યાના અરસામાં તેમને બાતમી મળી હતી કે પેથાપુર ટાઉન વિસ્તારમાં સ્થિત પટેલ વાસમાં સ્વામિનારાયણ મંદિરના વાડા તરીકે ઓળખાતા વિસ્તારમાં કેટલાક શ્રાવણ ઘેલા જુગારીઓ પત્તા ટીચી રહ્યા છે. જેને આધારે રાત્રે સવા દશે ટીમની સાથે પહોંચી જઈ દરોડો પાડયો હતો. પેથાપુર પટેલ વાસમાં રહેતા છ શખ્સો જુગાર રમતા રંગે હાથ ઝડપાઈ ગયા હતાં. પોલીસને જોઈને જુગારીઓમાં નાસભાગ મચી જવા પામી હતી. પરંતુ પોલીસે કોર્ડન કરીને તમામ શકુનીઓને પકડી લીધા હતા. દાવ પરના રૂ. ૨૫૩૦ને અંગ જડતીમાંથી નીકળેલા રૂ. ૭૭૪૦ મળીને કુલ રૂ. ૧૦૨૭૦ના મુદ્દામાલ સાથે કિરીટ સોમા પટેલ, નરેશ સોમા પટેલ, હસમુખ બાબુ દરજી, હરેશ બાબુ દરજી, અલ્પેશ દશરથ પટેલ અને ચિરાગ દિલીપ પટેલ મળીને જુગારીઓની ધરપકડ કરી લઈ ધોરણસરની કાર્યવાહી આરંભી છે.

# પરિણિતાને આત્મહત્યા માટે દુષ્પ્રેરણ કરવાના કેસમાં આરોપીને ૫ વર્ષની કેદ

## પત્નીને ફાંસો ખાધેલી હાલતમાં છોડી ભાગી ગયો હતો

ગાંધીનગર, તા. ૧૪

પરિણિતાને શારીરિક-માનસિક ત્રાસ આપી આત્મહત્યા માટે દુષ્પ્રેરણ કરવાના કેસમાં ગાંધીનગર કોર્ટે આરોપીને ૫ વર્ષની સખત કેદની સજા ભોગવવા હૂકમ કર્યો છે.

શેરથા ખાતે રહેતા મહેશભાઈ સવાભાઈ રાઠોડની દીકરી વૈશાલીના લગ્ન દિગ્વિજય અંબાલાલ આનંદ સાથે થયા હતા. લગ્નજીવન દરમિયાન તેણીના પતિ દ્વારા પરિણિતાને શારીરિક માનસિક ત્રાસ આપવામાં આવતો હતો. આરોપી પરિણિતાને દારૂ પી ને અવાર-નવાર મારઝુડ કરતો હતો. પતિના ત્રાસથી કંટાળીને પરિણિતાએ તા. ૩૦ સપ્ટેમ્બર વર્ષ ૨૦૧૧ના રોજ પોતાના ઘરે દુપટ્ટા વડે પંખે લટકીને ગળેફાંસો ખાધો હતો. આ બનાવ સંદર્ભે આરોપી દિગ્વિજય આનંદ વિરૂદ્ધ અડાલજ પોલીસમથકે ફરિયાદ નોંધાઈ હતી. આ કેસ ગાંધીનગરની બીજા એડીશ્નલ સેશન્સ કોર્ટમાં ચાલી જતા સરકારી વકીલ તરીકે પી.ડી. વ્યાસે દલીલો કરી હતી. સરકારી વકીલે કોર્ટ સમક્ષ દલીલમાં જણાવ્યું હતું કે માત્ર ચાર વર્ષના ટુંકા લગ્નગાળા દરમિયાન આરોપી પરિણિતાને ત્રાસ આપતો હોવાનું પુરાવાના આધારે સાબિત થયું છે. જ્યારે આ બનાવ બન્યો ત્યારે આરોપી ઘરમાં હાજર હતો અને પછી ઘરને તાળુ મારી ફરાર થઈ ગયો હતો. જેના પરથી આરોપીનુ ગુનાહીત માનવ ફલિત થાય છે. ફરિયાદીની દીકરી પંચ સાહેદો અને ડૉકટરની જુબાનીને ધ્યાને લઈ સમાજમાં બનતા આવા ગુન્હાઓ આચરવા માટે આરોપીને સખત સજા કરવા જણાવ્યું હતું. સેસન્સ જજ ડી.એમ. વ્યાસે આરોપીને ઈ.પી.કો. કલમ-૩૦૬ના ગુનામાં ૫ વર્ષની સખત કેદની સજા કરવા તેમજ રૂ. ૫ હજારનો દંડ ભોગવવા હૂકમ કર્યો છે.

# આજે શ્રી અરવિંદ કેન્દ્ર દ્વારા આંબેડકર હાલમાં સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે

મહર્ષિ શ્રી અરવિંદના ૧૪૧માં જન્મદિવસ નિમિત્તે આજે તા. ૧૫ ઓગષ્ટ-૨૦૧૩ને ગુરૂવારના રોજ ડૉ. આંબેડકર ભવન, સે. ૧૨ ખાતે સાંજે ૪.૩૦થી ૭.૩૦ દરમિયાન અરવિંદ કેન્દ્રના પ્રારંભિકથી વિશારદ સુધીના વિદ્યાર્થીઓ દ્વારા સાંસ્કૃતિક કાર્યક્રમ યોજાશે. આ સાંસ્કૃતિક કાર્યક્રમ શાસ્ત્રીય નૃત્ય, કથક અને ભરત નાટ્યમ-તબલાવાદન, શાસ્ત્રીય સંગીત-સુગમ સંગીત-દેશભક્તિ ગીતો, લોકગીત સંગીતની જાણીતી રચનાઓ રજુ કરવામાં આવશે તો અરવિંદ કેન્દ્ર દ્વારા નગરના સર્વે સંગીત શ્રોતાજનોને આમંત્રણ પાઠવવામાં આવ્યું છે.

### ઈન્દ્રોડા ગામના યુવાનો દ્વારા દશામા મૂર્તિ પધરામણી માટે યોગ્ય વ્યવસ્થા કરવામાં આવી

ગાંધીનગર, તા.૧૪

દશામાના વ્રત નિમિત્તે ઈન્દ્રોડાના ગ્રામજનો દ્વારા ચાલુ વર્ષે પણ દશામાની મૂર્તિ પધરામણીનો કાર્યક્રમ આજે તા. ૧૫ ઓગસ્ટ ને ગુરુવારના રોજ રાખવામાં આવ્યા છે.

દશા માતાજીના ઉપાસકો દ્વારા દશ દિવસના ઉપવાસ રાખીને માતાજીની આરાધના કર્યા પછી દશામાની મૂર્તિ પધરામણી સાબરમતી નદીમાં કરવા માટે નદીના રસ્તા સુધી લાઈટીંગ પ્રસાદી, પાર્કિંગ અને ચા પાણીની વ્યવસ્થા ઈન્દ્રોડા ગામના યુવાનો અને ગ્રામજનો દ્વારા કરવામાં આવેલ છે. અને તેનો લાભ લેવા સર્વેને અનુરોધ કરવામાં આવ્યો છે.

### અશ્વિનભાઈ બારોટની મહેસાણા જિલ્લા કોંગ્રેસના પ્રભારી તરીકે નિયુક્તી

ગાંધીનગર, તા. ૧૪



ગાંધીનગર જિલ્લા કોંગ્રેસ સમિતિના મહામંત્રી શ્રી અશ્વિનભાઈ બારોટની મહેસાણા જિલ્લા કોંગ્રેસના પ્રભારી તરીકે ગુજરાત પ્રદેશ કોંગ્રેસ સમિતિના પ્રમુખ શ્રી અર્જુનભાઈ મોઢવાડીયા સાહેબે નિમણૂંક કરેલ છે. તેઓ અગાઉ ગાંધીનગર શહેર/જિલ્લા યુવક કોંગ્રેસના પ્રમુખ તરીકે જિલ્લાના પ્રવક્તા તરીકે ઓલ ઈન્ડિયા હેન્ડલુમ બોર્ડના ડિરેક્ટર તરીકે ગાંધીનગર આર્ટસ કોમર્સ-સાયન્સ કોલેજના જી.એસ. તરીકે સેવાઓ આપેલ છે.

શ્રી બારોટની મહેસાણા જિલ્લા કોંગ્રેસના પ્રભારી તરીકે નિમણૂંક થવા બદલ ગાંધીનગર જિલ્લા કોંગ્રેસના હોદ્દેદારશ્રીઓએ અભિનંદન પાઠવેલ છે.

# શહેરના સ્થાપના દિન નિમિત્તો વિવિધ સ્પર્ધાઓના વિજેતાઓને ઈનામ વિતરણ કરાયું

## શહેર વસાહત મહામંડળ દ્વારા ચિત્ર અને સુત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી : નગરની રસપ્રદ માહિતી દર્શાવતી ડિરેક્ટરીનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર શહેરના ૪૯માં સ્થાપના દિન નિમિત્તે શહેર વસાહત મહામંડળ તથા કડી સર્વ વિદ્યાલયની



શેઠ સી.એમ. હાઈસ્કૂલના ઉપક્રમે ચિત્ર અને સુત્ર સ્પર્ધા યોજવામાં આવી હતી. શહેરના ઉપયોગી નંબરની ટેલીફોન ડીરેક્ટરી સહિત મહામંડળની સેવા પ્રવૃત્તિને આવરી લેતી સીડીનું



લોકાર્પણ મહાનગરના મેયર મહેન્દ્રસિંહ રાણા, પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડના ચેરમેન મહેન્દ્રભાઈ ત્રિવેદી તથા કેમ્પસ ડાયરેક્ટર સોમભાઈ પટેલના વરદહસ્તે કરવામાં આવ્યું હતું.

શહેર વસાહત મહામંડળ પ્રમુખ અરૂણભાઈ બુચે જણાવ્યું હતું કે ગાંધીનગરના કંટ્રોલરૂમો, જરૂરત પડે ત્યારે ભાગ્યેજ મળે તેવા આવશ્યક સેવાના નંબરો સાથેની ડીરેક્ટરી સુધીર દેસાઈ, કિશોર જીકાદરા સાથે રહી મયુરભાઈ વ્યાસ, નિલેન્દુ વોરા અને શશીકાંત મોઢાએ તૈયાર કરી છે. આ ડિરેક્ટરીનું મહાનુભાવોના હસ્તે લોકાર્પણ કરવામાં આવ્યુંહતું. ૧૧૦૦ વિદ્યાર્થીઓએ ચિત્ર અને સુત્ર સ્પર્ધામાં ભાગ લીધો હતો તેનું પ્રદર્શન મહેન્દ્રસિંહ રાણા તેમજ મહેન્દ્રભાઈ ત્રિવેદીના હસ્તે ખુલ્લુ મુકવામાં આવ્યું હતું. જેમાં મોટી સંખ્યામાં નગરજનોએ પ્રદર્શન નિહાળ્યું હતુ. સુત્ર સ્પર્ધામાં ધોરણ-૧૨ના વિદ્યાર્થીઓમાં પરમાર દર્શીત, ગાયત્રી પટેલ, દેવ પટેલ, બીજા અને ત્રીજા ક્રમે કૃપાલી અડાલજા, સ્મિત કોષ્ટા, નિધિ પરમાર, વિજેતા ક્રમે રહ્યા હતા. કાર્યક્રમમાં ઉપસ્થિત મહેમાનોમાં મેયરે



મહામંડળની પ્રવૃત્તિને બીરદાવી મહાનગરપાલિકાની નગરના વિકાસ અંગે જાણકારી આપી સહકારની અપેક્ષા કરી હતી.

જ્યારે મહેન્દ્રભાઈ ત્રિવેદીએ નગરને ધબકતુ રાખવામાં મહામંડળના કામને સદા સાથે મળી આગળ વધારવા અપીલ કરી હતી. સમગ્ર કાર્યક્રમનું સંચાલન કુ. ચેતના બુચે કર્યુ હતુ. અસ્થિ વિસર્જનની સીડી બનાવવા માટે હરીશ રાણા, ઉલ્લાસ વોરા, મયંક દવે, મનોજ શુક્લએ ભારે જહેમત ઉઠાવી હતી. હાજર સૌને સી.ડી. તેમજ ડીરેક્ટરી ભેટમાં આપવામાં આવી હતી.

કાર્યક્રમમાં મોટી સંખ્યામાં આગેવાનો, સંસ્થાઓ, વસાહત મંડળો, સહિત પૂર્વ કલેક્ટર એમ.સી. નાયક, બી.એ. શુકલ તથા દિનેશસિંહ ચાવડા ખાસ હાજર રહ્યા હતા.

# નમો ના ચાહકો દ્વારા નમો ગ્રુપ નમો વેબસાઈટ અને ચિન્હનું લોકાર્પણ

ગુજરાત રાજ્યના મુખ્યમંત્રી નરેન્દ્રભાઈ મોદીની ફેન કલબમાં દિન પ્રતિદિન વધારો થતો જોવા મળે છે. જેમાં નવુ ગ્રુપ અને વેબસાઈટ બનાવવામાં આવી છે. નમો ગ્રુપ દેશના નવ યુવાન નેટીઝનોનું ઓલ લાઈન સંગઠન જેના પ્રથમ ફલ સ્વરૂપે આયોજીત કાર્યક્રમમાં નમો ગ્રુપનું ઉદ્દ્ઘાટન તેમજ નમો ગ્રુપની વેબસાઈટનું લોકાર્પણ તેમજ ચિન્હનું અનાવરણ તારીખ ૧૫ ઓગષ્ટ ૨૦૧૩ને સાંજે ૪ કલાકે કબીર હોલ, હોમીયોપેથીક કોલેજ સામે, વિભુષા રોડ બોપલ-ઘુમા રોડ, અમદાવાદ ખાતે રાખવામાં આવેલ છે. જેના ઉદ્દ્ઘાટનમાં મુખ્ય મહેમાન તરીકે ભાજપ યુવા મોરચાના ગુજરાત પ્રદેશ અધ્યક્ષ પ્રદિપસિંહ વાઘેલા, ભાજપ મીડીયા સેલ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષ, હર્ષદભાઈ પટેલ, આઈ.ટી.સેલ, ગુજરાત પ્રદેશ અધ્યક્ષા રાજીકાબેન કચેરીયા, ભાજપ યુવા મોરચા મંત્રી ધવલ રાવલ, ભાજપ પ્રમુખ અમદાવાદ જિલ્લો, કમાભાઈ રાઠોડ, એ.એમ.સી. નેતા ભાજપ મયુરભાઈ દવે, અમદાવાદ ભાજપ યુવા મોરચા પ્રમુખ પંકજ શુકલા દ્વારા હાજર રહેશે.



શ્રીમતી સોનીયા ગાંધી
ચેરપર્સન, યુપીએ

ડો. મનમોહનસિંહ
પ્રધાનમંત્રીશ્રી

શ્રી ભરતસિંહ સોલંકી
મંત્રીશ્રી, પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય

## નિર્મળ ભારત અભિયાન (એનબીએ)

- એનબીએ કેન્દ્ર દ્વારા અભિવર્ધક કાર્યક્રમ છે, જે સેનીટેશનનો વિસ્તાર વધારે, ગ્રામીણ ભારતનું જીવન સ્તર સુધારવા માટે કાર્યરત છે જે થકી ૨૦૨૨માં નિર્મળ ભારતના વિઝનને પ્રાપ્ત કરી શકશે.

  *એનબીએ દ્વારા અભિવર્તિત સારી સ્વચ્છતાની ટેવો અંગત સ્વચ્છતા, માનવીય મૂલ્યો, સામાન્ય સારી વર્તણૂક, સ્વાસ્થ્ય અને દીર્ઘાયુ, પોષણનું સ્તર, શિખવાની ક્ષમતામાં વધારો અને સ્કૂલ ડ્રોપ આઉટ રેશિયાને ઘટાડે છે.*

  *આગળ આવો અને એનબીએના ફાયદાઓ થકી આપના ગામ, જિલ્લા અને રાજ્યને નિર્મળ બનાવી નિર્મળ ભારતના લક્ષ્યને સિદ્ધ કરવામાં મદદ કરો.*
- વ્યક્તિગત ઘરદીઠ શૌચાલય બનાવવા માટે બીપીએલની સાથે સાથે એપીએલ કુટુંબો જેઓ એસ.સી., એસ.ટી., નાના અને સીમાંત ખેડૂતો, જમીનવિહોણા મજુરો, શારીરિક રીતે વિકલાંગ અને મહિલોના પ્રતિનિધિત્વવાળા ઘરોમાં સામેલ છે તેમને સરકાર રૂ.૪૬૦૦૦ની સાથે મનરેગા હેઠળ રૂ. ૪૫૦૦ની વધારાની મદદ કરે છે.
- અત્યાર સુધી બીપીએલ કુટુંબો માટે ૫ કરોડ જેટલા વ્યક્તિગત ઘરદીઠ શૌચાલયોનું નિર્માણ થયું છે.

## રાષ્ટ્રીય ગ્રામીણ પેયજળ કાર્યક્રમ (એનઆરડીડબલ્યુપી)

- એનઆરડીડબલ્યુપી, કેન્દ્ર દ્વારા અભિપ્રેરિત કાર્યક્રમ છે, જે દેશના ગ્રામ્ય વિસ્તારોની વસતીને પૂરતા પ્રમાણમાં અને સુરક્ષિત પીવાનું પાણી પૂરું પાડવાનું લક્ષ્ય ૨૦૨૨ સુધી ૮૦ ટકા ઘરોમાં નળનું જોડાણ અને ૧૦ ટકા જાહેર નળ દ્વારા રાખે છે.
  - ૧૨માં કાર્યક્રમ દરમિયાન ૪૦ એલ.પી.સી.ડી.થી ૫૦ એલ.પી.સી.ડી. સુધી પીવાના પાણીની ઉપલબ્ધતા લઇ જવાઈ છે.
  - ઘરોને પીવાના પાણીની ઉપલબ્ધતાનું અંતર ઘટાડીને ૫૦૦ મીટરથી ૧૦૦ મીટર સુધી લઇ જવાયું છે.
- જે રાજ્યોએ ગ્રામીણ વોટર સપ્લાયનું સંચાલન પીઆરઆઈ હેઠળ બદલ્યું છે તેમને દ્રઇફ્ડઉં નું ફંડ આપી પ્રોત્સાહન અપાય છે.
- કોલકત્તામાં પેયજળની ગુણવત્તા માટે આંતરરાષ્ટ્રીય કેન્દ્રની સ્થાપના કરવામાં આવી રહી છે.
- દેશના ૮૬ આઈએપી જિલ્લાઓમાં ૧૦,૦૦૦ જેટલા સોલારપંપો શરૂ કરાયા છે.

**આપણે સૌ સ્વચ્છ અને સ્વસ્થ વાતાવરણમાં રહેવાની ચોક્કસતા માટે એક વધારાનું ડગલું માંડીએ 'ડો. મનમોહનસિંહ'**



**Ministry of Drinking Water and Sanitation**
Government of India

**પેયજળ અને સ્વચ્છતા મંત્રાલય**
ભારત સરકાર